## સલામી સવારની..



સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

99789-26251

*સત્તા માટે સભ્યો સાચવવા મહાજંગ થાય છે,*
*ને થાય ખેંચતાણ ખાતાંની નેતા તંગ થાય છે.*
*ને મોહભંગ થાય છે સાથી પક્ષોની ગુલામીથી -*
*'સ્વામી' ને હવે છછુંદર ગળ્યાનો ઢંગ થાય છે*
*(કુમાર સ્વામીની કરૂણ હાલત)*

હાઈકુ

*ઝેર પારખાં*
*મુફતી એ પણ કર્યા -*
*કણસે હજુ...*

*પેટમાં પેસી -*
*કરે પગ પહોળા -*
*ઠગબંધન...*

### ચિંતન

*જ્ઞાનસ્ય વસ્તુતંત્રત્વે સંશયાદ્યુદયઃ કથમ્ ।*
*અતો ન વાસ્તવં જ્ઞાનમિતિ નો શંક્યતાં બુધૈઃ ॥*

ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણી ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.

જ્ઞાન જો વસ્તુને જ અધીન હોય, તો (એ વસ્તુના સંબંધમાં જ્ઞાન કરનાર કર્તા ને) સંશય વગેરેનો કેમ ઉદય થાય છે? માટે જ્ઞાન વસ્તુને અધીન નથી. (પણ કર્મની પેઠે કર્તાને જ અધીન છે) આવી શંકા વિદ્વાનોએ ન કરવી.

જ્ઞાન કર્તા કર્મ - તપ - શ્રમ - ને આધાર છે એ કોઈ વસ્તુને આધીન નથી કોઈ વીંટી - ગ્રહ કે દોરાદાગાથી જ્ઞાન આવતું નથી. વિદ્વાનો સંગ - સત્સંગ - સ્વાધ્યાય પરિશ્રમ દ્વારા જ જ્ઞાન મળે છે.

### સુવિચાર

- આદર્શ અને વ્યવહાર વચ્ચે અંતર જેટલું ઓછું, તેટલો તે સંબંધ વધુ મજબુત, આનંદદાયક અને સંતોષ આપનારો - **દેવેન્દ્ર વિઠલાણી**
- વરસાદની જેમ વ્યક્તિએ સમાજમાં પોતાની જરૂરિયાત ઊભી કરી દેવી - **કાંતિ ભટ્ટ**
- દરેક માણસને સ્નેહની સમજદારીની અને સહિષ્ણુતાની જરૂર હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- જે પુરુષ સ્ત્રીને સમય નથી આપી શકતો, તે પુરુષનો પ્રેમ, સમજદારી કે હુંફ સ્ત્રીને વ્યર્થ લાગે છે - **હંસલ ભચેચ**
- અસ્તિત્વ પર ઘણાં ઉઝરડા થાય છે ત્યારે માણસ સમજદાર થાય છે - **સ્નેહા પટેલ**
- પરાણે સંબંધ બાંધવા વ્યર્થ થાય છે, ભરોસો ના કરાય ત્યાં સ્વાર્થ હોય છે - **નવનીત**
- આજનું ઔષધ : આમળાના પાઉડરમાં મધ ઉમેરી રોજ ખાવાથી લાંબેગાળે અસ્થમામાં ફાયદો થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

શેઠને રાત્રે ઊંઘ ન આવતા પરેશાન થઈ ગયા. ઉપાયો કર્યા પણ રોગમાં કોઈ ફેર ન પડ્યો. શેઠ કંટાળીને સંત પાસે ગયા. અને પોતાની મુશ્કેલી સંભળાવી દુઃખ દૂર કરવા વિનંતી કરી.

સંત શેઠને કહ્યું, 'શેઠ, આપના રોગનું એક જ કારણ છે કે આપ અપંગ છો' શેઠે કહ્યું, 'આપ મને અપંગ કેવી રીતે કહી શકો ? મારા હાથ-પગ તો તંદુરસ્ત છો.'

સંતે કહ્યું, 'જેના હાથ-પગ નથી હોતા એ માણસ અપંગ હોય એવું નથી, હકીકતમાં અપંગ તો તે છે, કે જે હાથ-પગ હોવા છતાં તેનો ઉપયોગ કરતાં નથી. બોલો તમે શરીરથી કેટલું કામ કરો છો?'

શેઠ કહે છે, મારા દરેક નાના-મોટા કામ માટે મેં ચાકર રાખેલા છે. 'સંતે કહ્યું, 'જો તમે અનિદ્રાના રોગને મટાડવા માંગતા હોવ તો શારીરિક શ્રમ કરો, તમારી બિમારી થોડા જ દિવસોમાં સંપૂર્ણપણે દૂર થઈ જશે.'


શેઠે સંતની સૂચનાનું પાલન શરૂ કર્યું અને એક અઠવાડિયામાં જ શેઠને નિરાંદે ઊંઘ આવવા લાગી.

# અવિશ્વાસની દરખાસ્ત : લેખાંજોખાં

**તંત્રીસ્થાનેથી...**

બજેટ સત્રમાં જે અવિશ્વાસની દરખાસ્ત શાસક પાર્ટીએ યેનકેન પ્રકારેણ અટકાવી હતી તે ચોમાસુ સત્રમાં બહુ જ આસાયેશપૂર્વક સ્વીકારી લેવા પાછળ પણ આ વિચક્ષણ નેતાગણનું ગણિત જ હોય. પહેલાં તો જો આવી દરખાસ્ત ન સ્વીકારે તો નારાજ વિપક્ષ વધુ વીફરે અને સંસદ ચાલવા જ ન દે. વળી સંસદ નહીં ચાલવા દેવા પાછળ પ્રજાને પણ વિપક્ષ કરતાં શાસક પક્ષનો જ વાંક વસે. લોકશાહીમાં વિરોધનો સૂર સાંભળવાની પણ તૈયારી રાખવી જ પડે. મહંદશે મોદીની છાપ એકહથ્થુ અને મનમોજી શાસક તરીકેની ઊભી થઈ ચૂકી છે. તેઓ બીજાનું સાંભળતા જ નથી - મનની વાત બધાંને બળજબરીપૂર્વક સંભળાવતા રહે છે પણ 'જન'ની વાત સાંભળવાની એમની તૈયારી જ નથી, એવા આક્ષેપો તથ્ય ધરાવે છે. આથી વિપક્ષ હાલની લોકશાહીને માત્ર કાગળ ઉપરની લોકશાહી કહે છે. અઘોષિત કટોકટી જેવા આક્ષેપો પણ થતા રહ્યા છે. આ બધા આક્ષેપોના જવાબ જેવો અભિગમ આપણને લોકસભામાં આજ્ઞાંકિત અધ્યક્ષાએ તાબડતોબ અવિશ્વાસની દરખાસ્તના કરેલ સ્વીકારમાં દૃષ્ટિગોચર થયા વિના નહીં રહે. મોદી એ બાબત પ્રસ્થાપિત કરવા માગે છે કે લોકતંત્રમાં દરેકને પોતાનો મત રજૂ કરવાની તક મળવી જોઈએ એ સૂત્રમાં એમને શ્રદ્ધા છે. જો કે આ રીતે યુ-ટર્ન લઈ લેવાથી એમની જે મૂળ છાપ છે તે કેટલી બદલાશે તે પ્રશ્ન જ છે. અવિશ્વાસની દરખાસ્ત પર પચાસ સાંસદોએ સહી કરી છે અને સોનિયા ગાંધીએ તો ત્યાં સુધી દાવો કર્યો છે કે અમારી પાસે આ દરખાસ્ત પસાર કરવાની જરૂરી સભ્યસંખ્યા છે. જો કે બધા જાણે છે કે રાક્ષસી બહુમતી ધરાવતા એનડીએ શાસન વિરુદ્ધ વિપક્ષની અવિશ્વાસની દરખાસ્ત ટકી શકે એમ નથી. મોદીને એમની વાક્છટાનું પ્રદર્શન અને પ્રતિક્રિયા રજૂ કરવાની તક પણ મળશે. મુલાયમસિંહ જેવા વરિષ્ઠ નેતાએ કબૂલ્યું છે એમ વિપક્ષ પાસે ભલે આ દરખાસ્ત પસાર કરાવી શકાય એટલી સભ્ય સંખ્યા ન હોય, પરંતુ સંસદમાં પાવરફુલ વિપક્ષી સાંસદો એક પછી એક સરકારની અત્યાર સુધીની કામગીરી સામે જે હુમલો કરશે એથી દેશભરમાં વર્તમાન સરકારની છબી ખરડાશે; ખુલ્લી પડી જશે. તેલુગુ દેશમ પાર્ટીના શ્રીનિવાસનની જઅવિશ્વાસની દરખાસ્ત દાખલ કરાઈ છે તે પણ સૂચક છે. પચાસ સાંસદો પૈકી એમનું જ નામ લૉટરી સિસ્ટમથી નીકળ્યું હોય તો જરૂર એટલો સંદેશો જશે કે જે પાર્ટી એનડીએનો મજબૂત સ્તંભ હતી તે જ આજે મોદી સરકાર વિરુદ્ધ અવિશ્વાસની દરખાસ્ત લાવી રહી છે. વિપક્ષોની એકતાનું પણ માપ નીકળી જશે. આગામી ૨૦૧૯ની લોકસભાની ચૂંટણી વખતે કોણ કોની સાથે કે સામે હશે એનો પણ અણસાર આવી જશે. શિવસેનાનું વલણ કેવું રહેશે તે જોવું વિશેષ રસપ્રદ બની રહેશે કારણ કે એનડીએમાંથી અલગ થયા પછી પણ કેન્દ્ર સરકાર કે મહારાષ્ટ્રની રાજય સરકારમાં એના પ્રતિનિધિઓ ચોલુ જ રહ્યા છે.

# સંત મહિમા ઉત્તમ ઘરેણું



રંગ-ઉમંગ

કાનન ઓઝા

બહુ પુષ્ણ કરવાથી માનવદેહ મળે છે. માણસમાં અતિતૃષ્ણા હોય તો અંદર ઘણો લોભ હોય છે. એવા માણસને ગમે તેટલું મળે તો પણ સંતોષ નથી થતો. માનવ - જીવનને જ્ઞાની પુરુષોએ નગરની ઉપમા આપી છે. તેમાં માણસ મોટો વ્યાપાર કરી શે તેમ છે જો તે સાવધાની, જાગૃતિ, ખંત અને શક્તિથી કર્મ કરે તે નફો મેળવીને મોતમાં જાય અને કરતાં ન આવડે તો ખોટમાં જઈ અવગતિમાં જાય. સોદાગરો વણજારાઓ કરોડોનો વ્યાપાર કરે છે પણ તેનો પૂરેપૂરો લાભ મેળવી શકતા નથી. પણ માણસ માટે તો માનવદેહ મળ્યો એ જ મોટી કમાણી છે.

કોઈ કિંમતી રત્ન જડી જાય કે ધંધામાં મોટો નફો થાય તો માણસ ફુલાય છે. પણ એના ધન કરતો અસંખ્ય રત્નો કરતા પણ માનવ શરીર અત્યંત કિંમતી છે. પરમ કૃપાળું દેવ શ્રીમદ્ રાજચંદ્રજી એ કહ્યું છે કે, 'ચક્રવર્તીની સંપત્તિ કરતાં પણ માનવજીવનની એક ક્ષણની કિંમત મોટી છે. માટે આ દેહ મળ્યા પછી એવો વ્યવહાર કરજો કે તમે માત્ર કમાઓ જ ખોટ તો જરા પણ ન કરો. આ ભવનગરમાં જતાં એક મોટો અને અદ્‌ભૂત ખાડો આવે છે. એ ખાડાને જોવા તેને ભરવાની લાલચ માણસને થાય છે. જીવનમાં જેટલું મળે તેટલું તેમાં ઉમેરે જવાની વૃત્તિ થયા કરે છે. આ ખાડો છે. લોભનો તેની સાથે તમે ન ભળશો. લોભની વૃત્તિમાં ગયા પછી અનેક અવગુણો, દુષ્કર્મ થાય તેની પાછળ આવે છે. જેમ રોગનું મૂળ જીભનો ચટકો છે. તેમ પાપ અને દુઃખનું મૂળ લોભ છે. લોભ હોય તેવા માણસને સમાધાન થતું નથી ન મળ્યું હોય તો મેળવવાની વૃત્તિ જાગે છે. લોભ મોટામાં મોટો દુર્ગુણ છે. માટે એ હોય તો બીજા દુર્ગુણની જરૂર જ નથી. વળી એ બીજા દુર્ગુણો ને લાવનારો છે. વ્યક્તિમાં ન હોય તેવા દુર્ગુણો, દોષો લોભવા ન માણસમાં આવી જાય છે. જો મંદિરમાં જનાર માણસ ચાડી. ચુગલી કરતો હોય તો એને બીજા પાપ કરવાની જરૂર નથી.

ચાડી-ચુગલી મોટું પાપ છે. જો જીવનમાં સત્ય છે. તો બીજું તપ કરવાની જરૂર નથી અને સત્ય ન હોય તો બીજાં અનેક તપ કરાતાં હોય તો પણ તે વ્યર્થ છે. શિક્ષકો વિદ્યાર્થીઓનો બોલાવતા હોય છે કે, 'સત્ય એ જ પરમેશ્વર અને પોતે હાડોહાડ જુઠું બોલતા હોય છે. તેની વિદ્યાથી પણ ઘણી ખરાબ છાપ પડે છે.'

જો મને શુદ્ધ અને પવિત્ર હોય તો કોઈ તીર્થયાત્રા કરવાની જરૂર નથી અને ૬૮ તીરથ કર્યા પછી પણ અવગુણો ન ગયા હોય. મન શુદ્ધ ન થયું હોય તો તીરથ કરવાનો શો અર્થ ? માણસમાં ધીરજ હોય, ગંભીરતા હોય, બીજાનું દુઃખ સાંભળવાની ક્ષમતા હોય, તેમાં સહભાગી થવાની તત્પરતા હોય તો સામાનું દુઃખ હળવું થાય છે. બીજી મદદ ન કરી શકાય તો. સાંત્વનાના બે મીઠા શબ્દો તો જરૂર બોલી શકાય છે. કહે છે ખુશામત ખુદાને પણ વ્હાલી છે, પણ જયારે કોઈ સંત, કોઈ સજ્જન પુરુષ તમારાં વખાણ કરે, તમારો મહિમા ગાય તો પછી, તમારે બીજાં ઘરેણાં પહેરવાની શી જરૂર? અને જગત આખુ તમારો મહિમા ગાય તો પછી તમારે બીજાં ઘરેણાં પહેરવાની શી જરૂર ? આખુ જગત તમારો મહિમા ગાતું હોય છે. સજ્જન, જ્ઞાની, સંત પુરુષ તમારો મહિમા ન ગાતા હોય તો જગમતના મહિમાની શું કિંમત છે ? સંતપણુ એમને મફતમાં નથી મળેલું. એવા સંત તમારો મહિમા કરે એ તમારા માટે ઉત્તમ ઘરેણું છે.

# ભારતમાં વન મહોત્સવની શરુઆત કોણે કરાવી હતી ?

### પર્યાવરણ

૧ ૧૯૭૩માં શરુ થયેલ ચિપકો આંદોલન કયા જિલ્લામાંથી પ્રારંભ થયું હતું?
(અ) ભરતપુર (બ) ચમોલી
(ક) બાડમેર (ડ) બાંસવાડા

૨ કેરલ અને પશ્ચિમી ઘાટના વનસંરક્ષણ માટે કયું આંદોલન ચલાવવામાં આવ્યું હતું ?
(અ) શાંતિ ઘાટી આંદોલન (બ) પશ્ચિમ ઘાટી આંદોલન
(ક) ઘાટી બચાવો આંદોલન (ડ) અમલ ઘાટી આંદોલન

૩ વિશ્વ પૃથ્વી દિવસ કયારે ઊજવવામાં આવે છે ?
(અ) ૨૧ માર્ચ (બ) ૨૨ એપ્રિલ
(ક) ૫મી જૂન (ડ) ૧૬ સપ્ટેમ્બર

૪ ૧૬ સપ્ટેમ્બર કયા દિવસ તરીકે ઉજવાય છે ?
(અ) જૈવિક વિવિધતા દિવસ (બ) ચકલી દિવસ
(ક) વિશ્વ હવામાન દિવસ (ડ) વિશ્વ ઓઝોન દિવસ

૫ ઈકોલોજીનો પ્રથમ શબ્દ પ્રયોગ કોણે કર્યો હતો ?
(અ) અન્સર્ટ હીકલ (બ) સલીમ અલી
(ક) ડાર્વિન (ડ) જગદીશચંદ્ર બોઝ

૬ ભારતમાં વન મહોત્સવની શરુઆત કોણે કરાવી હતી ?
(અ) વિનોબા ભાવે (બ) કનૈયાલાલ મુનશી
(ક) બાબા આપ્ટે (ડ) રૂબીન ડેવિડ

૭ રીયો પ્લસ-૨૦ પૃથ્વી સંમેલન કયારે યોજાયું હતું ?
(અ) ૨૦૦૮ (બ) ૨૦૧૦
(ક) ૨૦૧૨ (ડ) ૨૦૧૪

૮ ભારતની કુલ ભૂમિનો કેટલો વિસ્તાર પર્વતીય છે?
(અ) ૧૫ ટકા (બ) ૧૯ ટકા
(ક) ૨૩ ટકા (ડ) ૨૭ ટકા

૯ સ્વસ્થ પારિસ્થિતિક તંત્ર માટે કેટલા વિસ્તારમાં જંગલો હોવા જોઈએ ?
(અ) ૨૦ ટકા (બ) ૨૭ ટકા
(ક) ૩૩ ટકા (ડ) ૩૮ ટકા

૧૦ પર્યાવરણ ક્ષેત્રે કામ કરી વિશ્વ સંસ્થા કઈ છે ?
(અ) યુનેસ્કો (બ) યુનિસેફ
(ક) ડબલ્યુ એચ ઓ (ડ) યુ એન ઈ પી

૧૧ ઈકો સિસ્ટમ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ કોણે કર્યો?
(અ) એ જી ટ્રાન્સલે (બ) જે ફોરિયર
(ક) ઓડમ (ડ) પાન્ડુરંગ હેગડે

૧૨ રાષ્ટ્રીય સમુદ્ર વિજ્ઞાન સંસ્થાન કયાં આવેલ છે ?
(અ) મુંબઈ (બ) પણજી
(ક) ત્રિવેન્દ્રમ્ (ડ) કાલીકટ

૧૩ ગેંડા પરિયોજનાનો પ્રારંભ કયારે કરવામાં આવ્યો ?
(અ) ૧૯૮૦ (બ) ૧૯૮૫
(ક) ૧૯૮૭ (ડ) ૧૯૯૦

૧૪ વધી રહેલા તાપમાનની સૌથી વધુ અસર શાના પર પડી છે ?
(અ) જલચક્ર (બ) ઓક્સિજન ચક્ર
(ક) કાર્બન ચક્ર (ડ) પોષણ કડી

૧૫ ચર્નોબીલની ન્યુક્લિઅર દુર્ઘટના કયા વર્ષમાં થઈ હતી ?
(અ) ૧૯૮૩ (બ) ૧૯૮૫
(ક) ૧૯૮૬ (ડ) ૧૯૯૮

### વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતી મહત્ત્વની ઘટનાઓ**

- **૨૦ જુલાઈ :**
  - સમૃદ્ધ કલાકોષના પ્રણેતા રાયકૃષ્ણ દાસજીની પુણ્યતિથિ (૧૯૮૦)
  - રેડિયોના શોધક ગુગલી માર્કોનોનું અવસાન (૧૯૩૭)
  - માધવરાવ પ્રથમ પેશ્વા બન્યા. (૧૭૬૧)
  - ન્યુઝીલેન્ડના એડમંડ હિલેરીનો જન્મ દિવસ (૧૯૧૯)
  - અમેરિકન અંતરીક્ષયાત્રી નીલ આર્મસ્ટ્રોંગે ચંદ્ર પર પગ મુક્યો (૧૯૬૯)
- **૨૧ જુલાઈ :**
  - તેજસ્વી અને શીલભદ્ર વિદ્યાપુરુષ ઉમાશંકર જોષીનો જન્મ દિવસ (૧૯૧૧)
  - ગુજરાતી સુગમ સંગીતના પ્રણેતા અવિનાશ વ્યાસનો જન્મ દિવસ (૧૯૧૧)
  - ગીતકાર આનંદબક્ષીનો જન્મદિવસ (૧૯૩૦)
  - સાહિત્યકાર, વિવેચક અને તંત્રી બેચરભાઈ પટેલનો જન્મદિવસ (૧૯૩૬)
- **૨૨ જુલાઈ :**
  - ત્રિરંગાને ભારતીય રાષ્ટ્રધ્વજ તરીકે અપનાવાયો (૧૯૪૭)
  - અશ્વિની ભટ્ટની જન્મજયંતિ (૧૯૦૫)
  - ફ્રાન્સના પેરિસ અને રોન શહેરો વચ્ચે વિશ્વની પહેલી કાર સ્પર્ધા યોજાઈ (૧૯૮૪)
  - પ્રથમ પંક્તિના ગાયક મુકેશનો જન્મ દિવસ (૧૯૨૩)
- **૨૩ જુલાઈ :**
  - ચંદ્રશેખર 'આઝાદ'ની જન્મજયંતિ (૧૯૦૬)
  - લોકમાન્ય ટિળકની જન્મજયંતિ (૧૮૫૬)
  - સંગીતકાર હિમેશ રેશમિયા (૧૯૭૩)
  - કોમેડિયન મહેમૂદ અલીની પુણ્યતિથિ (૨૦૦૩)
  - દેશનો પ્રથમ કોમર્શિયલ રેડિયો સ્ટેશન મુંબઈમાં શરૂ થયું (૧૯૨૭)
- **૨૪ જુલાઈ :**
  - જાણીતા ઉદ્યોગપતિ અઝીમ પ્રેમજીનો જન્મ દિવસ (૧૯૪૫)
  - રામકૃષ્ણ મિશન સંસ્થાની સ્થાપના (૧૯૩૨)
  - અંતરીક્ષ યાન એપોલો-૧૧નું પ્રથમ સુરક્ષિત ઉતરણ (૧૯૬૯)
  - ગુજરાત કૉલેજના એક વખતના આચાર્ય ડૉ. જયોર્જ વિલ્સનની પુણ્યતિથિ (૧૯૫૯)
  - અભિનેતા મનોજકુમારનો જન્મદિવસ (૧૯૩૭)
- **૨૫ જુલાઈ :**
  - અંગ્રેજી શિકટર કથાકાર જિમ કાર્બેટનો જન્મ દિવસ (૧૮૭૫)
  - વિશ્વની પહેલી ટેસ્ટટ્યુબ બેબી લુઈસ બ્રાઉનનો જન્મ (૧૯૭૮)
  - દેના બેન્કના પ્રણેતા ડૉ. પ્રાણલાલ દેવકરણ નાનજીની પુણ્યતિથિ (૧૯૫૬)
- **૨૬ જુલાઈ :**
  - મનુભાઈ ત્રિવેદી 'સરોદ'ની જન્મ જયંતિ (૧૯૧૪)
  - અતિવૃષ્ટિથી મુંબઈ ઘેરાયું હતું... ગોઝારો દિવસ (૨૦૦૫)
  - પ્રખર અને પ્રકાંડ નાટ્યકાર જયોર્જ બર્નાડ શૉ નો જન્મ દિવસ (૧૮૫૬)
  - સમાજસેવી ખોડાભાઈ છગનભાઈનો જન્મ દિવસ (૧૯૧૨)

**ગત સપ્તાહના સવાલનો જવાબ**

**કોંગ્રેસના યુવાનેતા આદિત્યરાજ સિંધિયા કયા સંસદીય ક્ષેત્રનાં સાંસદ છે૧?**

**જવાબ : મધ્યપ્રદેશની ગુના (સંસદીય ક્ષેત્ર)**

**સાચા ઉત્તર આપનાર પત્રમિત્રો**

(૧) પંકજ આર પ્રજાપતિ : ઉવારસદ (૨) મહેશ એમ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૩) હાર્દિક એન. ભટ્ટ : સે-૨૪ (૪) ઋજિત રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી (૫) નટુભાઈ દરજી : પેથાપુર (૬) જયેન્દ્ર પ્રસાદ પાઠક : સે-૬ (૭) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૮) શૈલેષ એચ પટેલ : ધોળેશ્વર પાસે (૯) શિવાંગ બી પટેલ : સરગાસણ

**આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)**

**અમદાવાદના મેયર તરીકે કયાં મહિલા નેતાની તાજેતરમાં નિયુક્તિ કરવામાં આવી?**

**'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ**

**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

# એક મણિની પરિભ્રમણકથા

આ મણિનું નામ સ્યમન્તક હતું. એ જયાં હોય ત્યાં ઉપદ્રવો શમી જાય. એ રોજેરોજ આઠ ભાર સુવર્ણ આપે. આ સ્યમન્તક ભગવાન સૂર્ય પાસે હતો.

(૧) યાદવોનો એક નેતા સત્રાજિત હતો. એણે સૂર્યની ઉપાસના કરી. સૂર્યે પ્રસન્નતાથી આ મણિ એને આપી દીધો. શ્રીકૃષ્ણે તેને સમજાવ્યો. 'આ મણિ આપણને ન શોભે. તું રાજા ઉગ્રસેન ને આપી દે. એનાથી



પ્રજાનું કલ્યાણ થશે.' સત્રાજિતને ખરાબ શંકા થઈ. 'આ મારી પાસેથી મણિ પડાવી લેવા માંગે છે.' એણે ચૂપચાપ આ મણિ પોતાના મોટાભાઈ પ્રસનેને આપી દીધો.

(૨) પરંતુ આ મણિ ધારણ કરવો હોય, તો એની શરત છે. દૈહિક પવિત્રતા હોવી જોઈએ, વિધિપૂર્વક ધારણ કરવાનો હોય નહિતર આ મણિ ઘાતક બની જાય. ખરેખર આવું જ થયું. એણે પહેલી લીધો અને શિકાર કરવા વનમાં ગયો. એને સિંહનો શિકાર કરવો હતો, પરંતુ ઊલટું થયું. સિંહે પ્રસેનને ફાડી ખાધો.



અમર વારસો

ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૩) મણિ સિંહને માંસના ટૂંકા જેવો લાગ્યો. એ એણે મોઢામાં લઈને જતો હતો. આ વનમાં વનવાસી ચિત્ર જાતિનો સરદાર જાંબવાન હતો. એની ધજામાં રીંછનું ચિત્ર રહેતું. જાંબાવાનને આ સિંહ સાથે મુઠભેડ થઈ. પોતાના રક્ષણ માટે એણે સિંહને મારી નાખવો પડ્યો. એ આ મણિને લઈને પોતાની મોટી ગુફામાં આવી ગયો. એને તો આ ચમકતી લખોટી લાગતી હતી.

(૪) સત્રાજિતે જોયું કે પ્રસેન પાછો ફર્યો નહિં. એટલે એણે અફવા ફેલાવી. 'શ્રીકૃષ્ણે મણિને હાથવગો કરવા પ્રસેનને ગુમ કરી દીધો છે.' હવે શ્રીકૃષ્ણ પોતે પ્રસેનને શોધવા નીખળ્યા. એનું પગેરું દબાવતા આગળ વધ્યા. એણે સિંહનાં પગલાં જોયા. તો જાંબવાનની ગુફા સુધી આવી ગયા. ગુફાની અંદર એ બંને ને દ્વંદ્વયુદ્ધ થયું. એકવીસ દિવસ ચાલ્યું. બાવીસમેં જાંબવાનને પોતાનો પૂર્વજન્મ યાદ આવ્યો. 'આ તો ભગવાન વિષ્ણુ છે, હું તો એવો સેવક હતો.' એણે શ્રીકૃષ્ણની ક્ષમા માગી. પ્રસન્નતાથી મણિ પાછો આપ્યો અને પોતાની પુત્રી જાંબવતી પરણાવી.

(૫) પાછો ફરીને શ્રીકૃષ્ણએ મણિ સત્રાજિતને સોંપી દીધો. સત્રાજિતને મનમાં પસ્તાવો થયો. એણે પોતાની પુત્રી સત્યભામા એમને પરણાવી.

(૬) શ્રીકૃષ્ણ એકવાર દ્વારિકામાં ન હતા. આ તકનો ગેરલાભ શતધન્વા નામના યાદવે ઉઠાવ્યો. એકવાર રાત્રે સત્રાજિત ભરનિંદરમાં હતો. એ અંદર આવ્યો. સત્રાજિતની હત્યા કરી નાખી. અને મણિ લઈને જતો.

(૭) સત્યભામાં પોતે શ્રીકૃષ્ણને બોલાવી આવી. શ્રીકૃષ્ણે શતધન્વાનો પીછો કર્યો. શતધન્વા ભયથી નાશી ગયો પણ જતાં પહેલાં એણે મણિ ગૂપચાપ અક્રૂરને આપી દીધો.

(૮) શતધન્વાની પાછળ શ્રીકૃષ્ણ ગયા. એણે સુદર્શન ચક્રથી એનો વધ કર્યો, પણ એની પાસે મણિ ન હતો. એ દ્વારિકા પાછા ફર્યા. અક્રૂર મણિ લઈને વારાણસી જતો રહેલો. સત્યભામા, બલરામ અને બધાને માની લીધું. 'શ્રીકૃષ્ણે શતધન્વાને માર્યો, પણ મણિ લઈ લીધો છે અને અક્રૂરને આપીને એણે નસાડી મૂક્યો છે.' ફરીવાર આ રીતે શ્રીકૃષ્ણ ઉપર આળ આવ્યું. નગરમાં પ્રજાજીવનમાં ઉપદ્રવો વધ્યા, અક્રૂરની ઓચિંતી ગેરહાજરી થઈ. એટલે શ્રીકૃષ્ણે પોતાની રીતે તપાસ કરાવી. પોતાના વિશ્વાસુ સેવકને વારાણસી મોકલ્યો અને અક્રૂરને બોલાવી લીધો. (૯) અક્રૂર જેવો નગરમાં આવ્યો કે તરત પ્રજાજીવન સ્વસ્થ થવા માંડ્યુ. ઉપદ્રવો શમવા લાગ્યા. શ્રીકૃષ્ણને તો ખાતરી હતી જ. એણે 'મણિ મને સોંપી દો.' અક્રૂરે વિવેકપૂર્વક શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને મણિ સોંપી દીધો.

(૧૦) શ્રીકૃષ્ણને પ્રણામ કર્યા અને મણિ સોંપી દીધો અને કહ્યું, 'તારી પાસે રાખ. મને આમાં કયારેય રસ ન હતો.' સભામાં સૌ કોઈને શ્રીકૃષ્ણ માટે સન્માન પ્રગટ્યું. 'માત્ર નિર્દોષતા તો ખરી જ, નિઃસ્પૃહ્યતા પણ આટલી જ છે આ શ્રીકૃષ્ણમાં.'